# પોલીસ અધિક્ષકની કચેરી,ડાંગ-આહવા ➡ અવનવું સેકશન વિભાગ

**(સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કુરિવાજ ડાકણ પ્રથા નાબુદી અંગે જાગૃતિ કાર્યક્રમની સારી કામગીરી)**

ડાંગ જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી કુરિવાજોની પ્રથાઓ ચાલી રહેલ જેમાં મોટી ઉમર લાયક માતાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે અને કેટલીક માતા-બહેનો ઉપર થતા અત્યાચારોને લીધે પોતાનો જીવ ગુમાવી આત્મહત્યાનો ભોગ બનવા વિગેરે બાબતોની પોલીસ વિભાગમાં અરજીઓ જોવા મળતા તે પાછળનું કારણ જોતા **ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી,યશપાલ જગાણીયા તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી,એસ.જી.પાટીલ** નાઓના માર્ગદર્શન હેઠળ ભોગ બનેલી માતા-બહેનોની અરજીઓને વંચાણે લઇ તેઓની મુલાકાતો લેવા દરેક ગામે-ગામ જઇ રૂબરૂ મુલાકાતો લઇ માતા-બહેનોની સમસ્યાઓને સાંભળી તેનું નિરાકરણ લાવવા ડાંગ જિલ્લા ખાતે મોટા પાયે **સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત કુરિવાજ ડાકણ પ્રથા નાબુદી અંગે જન જાગૃત્તિ કાર્યક્રમ યોજી મિડીયા દ્વારા TV ચેનલોના માધ્યમથી તથા પ્રેસ દ્વારા સમાચાર પત્રો દ્વારા દેશના તમામ ક્ષેત્રમાં પ્રોગ્રામને પ્રસિધ્ધ** કરી ભોગ બનેલ માતા-બહેનોને સાલ ઓઢી સન્માન કરી તેઓને પોલીસ વિભાગ તથા ડાંગ જિલ્લાના કલેકટરશ્રી તેમજ જિલ્લાના આગેવાનો દ્વારા સંદેશો આપેલ છે. કે, હવે પછી જો કોઇ પણ વ્યક્તિ દ્વારા માતા-બહેનો સાથે ગેર માન્યતાઓ ઉભી કરી ડાકણ કહી કે અન્ય રીતે હેરાન પરેશાન કરી આત્મહત્યા કરવા પર મજબુર કરી ત્રાસ આપવામાં આવશે તો તેઓના વિરૂધ્ધમાં ડાંગ જિલ્લા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી ગુનાઓ દાખલ કરવામાં આવશે. એ રીતનો દરેક માતા-બહેનોને શાંતી સલામતી અને સુરક્ષાનો સંદેશો આપી સારી કામગીરી કરેલ છે.






